# ગુજરાતમાં વધુ ૨૯ કેસ, કુલ ૧૭૫

## ગુજરાતમાં દોઢ લાખ લોકો કોરોનાના કેદમાં

ગાંધીનગર, તા.૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાના કેસોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં કેસોની સાથે સાથે મોતનો આંકડો પણ વધી રહ્યો છે. આજે અમદાવાદમાં નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૮૩ ઉપર પહોંચી હતી. અમદાવાદ શહેરમાં હજુ સુધી પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે સ્વસ્થ થયેલા લોકોને રજા પણ આપી દેવામાં આવી છે. બીજી બાજુ ગુજરાત રાજ્યના જુદા જુદા ભાગોમાં કોરોનાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. નવા વિસ્તારો પણ કોરોનાના સંકજામાં આવી રહ્યા છે જેમાં હિંમતનગર અને આણંદ જેવા વિસ્તારો પણ સપાટી ઉપર આવી ચુક્યા છે. આજે કોરોનાના કેસોના સંદર્ભમાં પોતાની બ્રિફિંગમાં આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ કહ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭૫ પર પહોંચી ચુકી છે અને મોતનો આંકડો ૧૪ ઉપર પહોંચ્યો છે. રાજ્યમાં સૌથી પ્રભાવિત વિસ્તાર અમદાવાદ છે. આ ઉપરાંત સુરતમાં પણ કેસોની સંખ્યામાં ઝડપી વધારો થતાં સંખ્યા વધીને ૨૨ ઉપર પહોંચી છે. ગુજરાતની કંપનીઓ કેડિલા હેલ્થકેર, મંગલમ ડ્રગ્સ અને વાઈટલ લેબોરેટરી એક મહિનામાં ૨૫ ટન દવાઓનો જથ્થો બનાવવા માટે તૈયાર છે. ડ્રોનમાં સ્પીકર લગાવીને લોકોને સંદેશો આપવા માટે નવો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, કુલ દર્દીઓ પૈકી ચાર દર્દીઓ વેન્ટીલેટર પર છે. ૨૩ દર્દીઓ સ્વસ્થ થઈ ચુક્યા છે. મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ ભાવનગરમાં એક અને આજે સવારે હિંમતનગર અને આણંદમાં એક એક કેસ સપાટી ઉપર આવ્યો હતો. કોરોના-૧૯ની કામગીરી સંભળતા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારીનું કોરોના ચેપના લીધે મૃત્યુ થશે તો કર્મચારીના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાયતા કરવામાં આવશે. કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં ગુજરાતમાં હજુ સુધી ૪૦ લાખ કરતા વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાનનિધિ યોજના હેઠળ દરેક ખેડૂતના ખાતામાં જંગી રકમ જમા કરવામાં આવી છે. કોરોનાના કુલ કેસોની સંખ્યા ૧૭૫ ઉપર પહોંચી છે. ૧૩૦ દર્દીઓ હજુ અસરગ્રસ્ત છે. ચાર વેન્ટીલેટર પર છે જેમની સ્થિતિ ગંભીર છે જ્યારે ૧૨૬ દર્દીઓની હાલત સ્થિર છે.

| | |
|---|---|
| અમદાવાદ | ૮૩ |
| વડોદરા | ૧૨ |
| સુરત | ૨૨ |
| રાજકોટ | ૧૧ |
| ગાંધીનગર | ૧૩ |
| ભાવનગર | ૧૪ |
| ગીરસોમનાથ | ૦૨ |
| પોરબંદર | ૦૩ |
| મહેસાણા | ૦૨ |
| પાટણ | ૦૫ |
| કચ્છ | ૦૨ |
| છોટાઉદેપુર | ૦૧ |
| પંચમહાલ | ૦૧ |
| જામનગર | ૦૧ |
| મોરબી | ૦૧ |
| સાબરકાંઠા | ૦૧ |
| આણંદ | ૦૧ |

## સલાલના યુવાને સેનેટાઈઝર બોક્સ બનાવ્યુ

### કલેક્ટર અને ચીફ ઓફીસરે સેનેટાઈઝર બોક્સ જોયા બાદ યુવાનની પીઠ થાબડી

હિંમતનગર, તા. ૭

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે. ત્યારે તેનાથી બચવા માટે અને અગમચેતીરૂપે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર દ્વારા લોકોને પોતાના હાથ સેનેટાઈઝરથી સાફ કરવાની સલાહ અપાઈ રહી છે. જેને લઈને અમદાવાદ સિવિલમાં ખાસ કરાયેલ સેનેટાઈઝર મશીન કાર્યરત કરી દેવાયુ જે દરમિયાન સાબરકાંઠામાં કોરોનાનો પોઝેટીવ કેસ નોંધાયા બાદ હિંમતનગર સિવિલમાં જતા કર્મચારીઓ અને દર્દીઑઓ માટે સલાલના યુવાને રૂ. ૨૫ હજારના ખર્ચે સેનેટાઈઝીંગ બોક્સ બનાવીને તેના ઉપયોગ માટે મંગળવારે જિલ્લા કલેક્ટર અને હિંમતનગર પાલિકાના ચીફ ઓફીસર સમક્ષ ડેમો રજુ કર્યો હતો.

આ અંગે સલાલમાં રહેતા અને ધો. ૧૨ સુધી ભણેલા તથા જનરેટરનું રીપેરીંગ કરવાનું કામ કરતા મયુરભાઈ પંચાલે કોરોના વાયરસથી વ્યક્તિ પોતાના શરીરને સેનેટાઈઝ કરી શકે તે માટે ખાસ પ્રકારનું બોક્સ માત્ર બાર કલાકમાં બનાવ્યુ છે. જેમાં પસાર થયા બાદ વ્યક્તિ સાડાત્રણ કલાક સુધી સલામત રહી શકશે તેવો દાવો કર્યો છે. પાંચ ફૂટ લાંબા આ બોક્સમાં ખાસ પ્રકારના પંપની ગોઠવણી કરવામાં આવી છે. બોક્સના માધ્યમથી તેમાં રખાયેલા સેનેટાઈઝરથી પ્રવેશ કરનાર વ્યક્તિનું શરીર સેનેટાઈઝ કેમીકલથી સુરક્ષીત બની જશે.

કલેક્ટર અને ચીફ ઓફીસર સમક્ષ આ બોક્સનો ડેમો કરાયા બાદ જો તેના ઉપયોગ માટે મંજુરી મળશે તો આ સસ્તા અને સુલભ સેનેટાઈઝ બોક્સને હિંમતનગર સિવિલમાં વિનામુલ્યે દાનમાં આપવાનો વિચાર મયુરભાઈ પંચાલે દોહરાવ્યો હતો. ત્યારબાદ જિલ્લા કલેક્ટરે આ સેનેટાઈઝર બોક્સ જોયા બાદ તેને હિંમતનગર સિવિલમાં મોકલી આપવાનું જણાવ્યુ હતુ. જેથી આ સેનેટાઈઝર બોક્સ કાર્યરત થયા બાદ સિવિલમાં દાખલ થતા તમામ વ્યક્તિઓ જતા અને આવતા આ બોક્સમાંથી પસાર થશે તો તેઓ અન્ય કોઈના સંપર્કમાં ન આવે ત્યાં સુધી સલામત રહી શકશે.



## મોડાસા પોસ્ટ ઓફિસમાં વિધવા સહાય લેવા મહિલાઓની લાંબી કતારો

મોડાસામાં પોલીસ દ્વારા લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરવામા આવી રહ્યો છે. બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા વિધવા મહીલાઓને ૨૧૦૦ની સહાય આપવામા આવી રહે છે. કેટલાયે ઘરો લોકડાઉનના કારણે દૂધ શાકભાજી લાવા માટે પૈસા નથી. આવા કપરા સમયે સરકારે સહાય કરતા વિધવા મહીલા ઓએ પૈસા મેળવવા લાંબી લાઈનો લગાવી હતી.

## ડીસામાં તંત્ર દ્વારા દુકાનોના સમય પત્રકમાં ફેરફાર

ડીસામાં મંગળવારે નાયબ કલેકટર, ધારાસભ્ય અને મામલદાર સહિત અન્ય અધિકારીઓની એક બેઠક કોરોના વાયરસના વધતા જતા કેસ તેમજ નજીકમાં પાટણ ખાતે પણ પાંચેક કોરોના પોઝીટિવ કેસના પગલે ડીસામાં પણ આ મહામારીને ફેલાતી અટકાવવા માટે કાયદાની સખ્તાઈ વધારવી જરૂરી હોઈ કરીયાણા મરચન્ટ એસોસિયેશન સાથે સંકલન કરી ડીસામાં વિવિધ દુકાનો ખોલવા બાબતે નવા નિયમો અમલી બનાવવામાં આવ્યા છે. જેમાં આજે તા. ૮-૪-૨૦ને બુધવારે અને તા. ૯-૪-૨૦ને ગુરૂવારે તમામ કરીયાણાની દુકાનો હોલ સેલ તેમજ રીટેલ અને પ્રોવીઝન સ્ટોર અને એફએમસીજી એજન્સી તેમજ શાકભાજીની દુકાનો બંધ રાખવાની સૂચના અપાઈ છે તેમજ તા. ૧૦-૪-૨૦ના રોજ એક દિવસ માટે નિયત સમય સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી દુકાનો ખુલી રાખી શકશે ત્યારબાદ ફરી બે દિવસ આ તમામ દુકાનો બંધ રાખવી જરૂરી છે. જો કે આ નિયમ આગામી દસેક દિવસ સુધી અમલી રહેશે અને ત્યારબાદ પરિસ્થિતિ જોઈ આ નિયમોમાં ફેરફાર પણ કરવામાં આવશે તેમ પાલિકા ચીફ ઓફિસર તેમજ વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે તેમજ જો કોઈ પણ વેપારી આ નિયમનું પાલન નહીં કરે તો તેમની સામે કાયદેસર કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

## ભિલોડાના ૭ વર્ષના બાળકને શંકાસ્પદ કોરોના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા

ભિલોડા, તા. ૭

સમગ્ર ભારત સાહિર વિશ્વ કોરોના વાયરસના ભરડામાં સપડાયો છે, ત્યારે ગુજરાત પણ એમાંથી બાકાત નથી, ૧૪૫ કોરોના પોઝીટિવના દર્દી હાલ સારવાર હેઠળ છે, અને ૧૨ દર્દીના મોત નિપજયા છે. અરવલ્લી જિલ્લામાં પણ ૨૨ જેટલા શંકાસ્પદ કેસ જણાતાં તમામ દર્દીઓના સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલાયા હતા. જેમાં તમામ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવતા અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્યતંત્રએ હાસકારો અનુભવ્યો હતો. ત્યારે વધુ એક સાત વર્ષના બાળકને શરદી ખાંસી સહિતના શંકાસ્પદ લક્ષણો જણાતાં સારવાર માટે ભિલોડની કોટેજ હોસ્પિટલમાં ભરતી કરાયો હતો. સાર્વજનિક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખી બાળકના સેમ્પલ લીધા હતા બાળકનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.




કોરોનાના લક્ષણો શંકાસ્પદ જણાતાં સાત વર્ષના બાળકને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન માટે રાખવામાં આવ્યો હતો. જયાં તેના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા. જેના પરિક્ષણનો રીપોર્ટ આજે આવશે તેમ અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. જો કે સમચાર લખાય છે ત્યાં સુધી અરવલ્લી જિલ્લામાં એક પણ કોરોના વાઈરસનો પોઝીટીવ કેસ નોંધાયો નથી.




## સાબરકાંઠા જિલ્લામાં પોઝીટિવ કેસ નોંધાતા પ્રાંતિજ પોલીસ હરકતમાં આવી....

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જાહેરનામાનો ભંગ થતા ૨૮ લોકો સામે ગુનો નોધી પ્રાંતિજ પોલીસે કાર્યદેસરની કાર્યવાહી હાથ ધરી. હલ કોરોના વાઈરસને લઈને ભારત સરકાર દ્વારા દેશ ભરમાં લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે અને ગુજરાત સહિત જિલ્લાઓમાં કોરોના ઉપરા ઉપરી પ્રોજેટીવ કેસો મળી આવ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે પણ જીલ્લાનો પ્રથમ પ્રોજેટીવ કોરોનાનો કેસ મળી આવતા જિલ્લા પોલીસતંત્ર સહિત પ્રાંતિજ પોલીસ પણ હરકતમા આવી હતી અને જાહેર નામાનો ભંગ કરનાર સાત અલગ-અલગ ગુના નોંધાયા હતાં જેમાં પ્રાંતિજ પોલીસે ૨૮ લોકોની અટકાયત કરી હતી અને આઈપીસી કલમ ૧૮૮ જી.પી.એકટ ક.૧૩૫ મુજબ ગુનો નોધી જાહેરમાં ભગ કરતાં તમામે-તમામ ૨૮ લોકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વધતી શક્યતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારવા ઉપર ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે. તેલંગાણા સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુખ્યમંત્રીઓની બેઠકમાં લોકડાઉનને ત્રીજી જૂન સુધી વધારી દેવા માટે અપીલ કરી હતી. જો કે, મોડેથી તેલંગાણા સરકારે આ અહેવાલને રદિયો આપ્યો હતો. દેશમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. જાણકાર લોકો માની રહ્યા છે કે, જ્યાં સુધી કોરોનાની સ્થિતિને લઈને સ્થિતિ કન્ટ્રોલજનક થશે નહીં ત્યાં સુધી લોકડાઉનની સ્થિતિ રહેશે. સોમવારના દિવસે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આના પર ચર્ચા કરવામાં આવી હતી. જે જિલ્લાઓમાં સૌથી વધારે કેસો આવ્યા છે તે વિસ્તારમાં નિયંત્રણો લાગૂ રહેશે અને જિલ્લાઓને સંપૂર્ણપણે સંપર્કવિહોણા કરી દેવામાં આવશે. રાજ્યોની વચ્ચે અવરજવર બંધ રાખવામાં આવશે. વરિષ્ઠ લોકોને ઘરમાં રહેવાની સૂચના આપવામાં આવશે. રાહત મળશે પરંતુ ખુબ મર્યાદિત પ્રમાણમાં મળી શકે છે. કેબિનેટ બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા થઈ હતી. ટ્રેનોને દોડાવવાને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ રહેલી છે. રેલવે હાલમાં તમામ ટ્રેનોને બંધ રાખવાનો નિર્ણય કરી શકે છે. જો કે, રેલવે દ્વારા પણ કેટલીક ટ્રેનોને આંશિકરીતે ચલાવવાનો ઈન્કાર કર્યો નથી. અન્ય ગાડીઓના સંદર્ભમાં પરિસ્થિતિ પર ધ્યાન આપવામાં આવ્યા નિર્ણય લેવામાં આવશે. એક રાજ્યથી બીજા રાજ્ય વચ્ચેની યાત્રાને ૧૫મી એપ્રિલથી શરૂ કરાશે નહીં. કોરોનાના લીધે તમામ કારોબાર બંધ છે. નોકરી કરનાર લોકો પમ વર્ક ફોર્મ હોમ કામ કરી રહ્યા છે.

## પહેલાં દેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંખ્યાની વચ્ચે તેમની સારવાર માટે આ દવાના ઉપયોગની મંજુરી આપવામાં આવી છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, ભારત અમેરિકાના નજીકના મિત્રો તરીકે છે. ભારતે કહ્યું છે કે, પહેલા તેની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવશે ત્યાર બાદ અમેરિકા અને અન્યોની મદદ કરવામાં આવશે. મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ ૨૪ દવાઓ પર નિયંત્રણોને ઉઠાવી લેવામાં આવ્યા છે. ટ્રમ્પે હાલમાં ભારત પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભારત છેલ્લા ઘણા વર્ષથી અમેરિકી વેપાર નિયમોના લાભ ઉઠાવે છે. બીજી બાજુ અમેરિકી વિદેશ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે, ભારત દવાના ક્ષેત્રમાં અમેરિકાના મુખ્ય સાથી તરીકે છે. અમેરિકાને આશા છે કે, બંને દેશો વચ્ચે તાલમાલ જારી રહેશે. ભારતે છેલ્લા મહિને હાઈડ્રોક્સીક્લોરોક્વીનની નિકાસ પર પ્રતિબંધ મુક્યો હતો. ભારતનું કહેવું છે કે, અમેરિકા અને અન્ય દેશોમાં તકલીફો કોરોનાના લીધે વધી રહી છે જેથી ભારત મદદ કરવા માટે ઈચ્છુક છે પરંતુ પોતાની જરૂરિયાતોને પહેલા ધ્યાનમાં લેવામાં આવશે.

## રૌદ્ર રૂપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતમાં કેસોની સંખ્યા વધારે રહેલી છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. તમિળનાડુ, તેલંગણા, કેરળમા પણ કોરોનાના કારણે કેસોની સંખ્યા અનેક ગણી વધી રહી છે. મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. દિલ્હીમાં તબલીગી જમાતના કાર્યક્રમમાં પહોંચેલા લોકોના કારણે કેસોની સંખ્યામાં વધારો થયો છે. કારણ કે અહીં મોટી સંખ્યામાં કેસો મળી ચુક્યા છે. હવે દેશના જુદા જુદા ભાગોમાં અહીં હાજરી આપીને પહોંચેલા લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. તેમને સારવાર આપવામાં આવી રહી છે. દિલ્હી, રાજસ્થાન, તેલંગાણામાં પણ આંકડો વધ્યો છે. ભારતમાં ખતરનાક વાયરસના કારણે કેસોની સંખ્યા વધી રહી છે. માનવામાં આવે છે કે તબલીગી જમાતના કારણે આવનાર દિવસોમાં દિલ્હીની સાથે સાથે દેશના અન્ય ભાગોમાં કોરોનાના કેસોમાં વધારો થઈ શકે છે. મહારાષ્ટ્રમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થયો છે.કોરોના વાયરસે ૩૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે.

સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. લોકડાઉનના નિયમોને સરળ રીતે પાળવામાં આવે તે જરૂરી છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. હાલમાં સરકાર કોમ્યુનિટી ટ્રાન્સમીશનના અહેવાલને રદિયો આપી રહી છે. સરેરાશ ૪૦૦થી વધુ કેસો છેલ્લા કેટલાક દિવસમાં નોંધાયા છે. દર્શાવે છે કે કોરોના વાયરસ કેટલી ઝડપથી ભારતમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો. ત્યારબાદ બે મહિનામાં કેસોની સંખ્યા ૧૫૦૦ થઈ હતી.

જ્યારે ત્યારબાદ ૧૪મી માર્ચ બાદ કેસોમાં એકાએક જંગી વધારો થયો છે. કુલ કેસો પૈકી ૪૦ ટકાથી વધારે કેસો છેલ્લા એક સપ્તાહમાં નોંધાયા છે. મોતના આંકડા અને કેસોની સંખ્યામાં હાલમાં વિરોધાભાસની સ્થિતી રહેલી છે. દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. તમિળનાડુમાં કેસોની સંખ્યા ૬૦૦થી ઉપર પહોંચી ચુકી છે. ઉત્તરપ્રદેશમાં પણ કેસોની સંખ્યા ૩૦૦થી ઉપર પહોંચી ચુકી છે. દિલ્હીમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૦૦થી ઉપર પહોંચી ચુકી છે. ભારતના મહારાષ્ટ્રમાં હાલત વધારે ખરાબ થઈ રહી છે.

## દર્દીઓને હાલાકી...

● છેલ્લા પાનાનું ચાલુ

સિવિલ સુધી જવુ ન પડે. કોરોના વાયરસનુ સંક્રમણ ન થાય તે માટે ખાનગી દવાખાનાના તબીબોએ પણ જરૂરી કીટ સહીતનુ રક્ષણ મળી રહે તે માટે પણ સરકારે મદદ કરવી જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. લોકડાઉનનો સમયગાળો લાંબો છે ત્યારે સેકટરોમાં સ્થાનિક ખાનગી દવાખાનાઓને લાંબા સમયથી તાળા વાગેલા છે જેના લીધે સેકટરવાસીઓ માટે પણ મુંઝવણ વધી છે.

ખાનગી ડોકટરોએ દવાખાના બંધ કરી દીધા છે. કોરાનાથી સંક્રમિત થવાના મામલે ખાનગી તબીબોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ત્યારે ખાનગી ડોકટરોની સલામતીને ધ્યાનમાં લઈને દર્દીઓની હાલાકી નિવારવા આયોજન થાય તે અનિવાર્ય છે. સેકટરોમાં દવાની દુકાનો બંધ છે. પરંતુ દવાખાના બંધ છે. દિવસમાં બે કલાક પણ સ્થાનિક દર્દીઓને સારવાર માટે દવાખાના ખુલ્લા રહે તેવી માંગ પણ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં હવે બે સપ્તાહના અંતે અનેક નાની મોટી બિમારથી પીડાતા દર્દીઓને પણ નજીકમાં જ સમયસર સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાય તે અંગે સરકાર માનવતાનો અભિગમ દાખવી હરકતમાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## નવાં કલેવર

● ચોથા પાનાનું ચાલુ

ક્યારથી દાખલ કરેલ છે. જેવી વિગતો કડકાઈપૂર્વક માંગી તે અકળાઈ ગયો પણ કરે શું ? ફરી એ જ સીલસીલો ચાલુ થઈ ગયો. બે વખત કુદરતી હાજતે જવાના બહાને બહાર નીકળી ભાગી જવા પ્રયત્ન કર્યો પણ કંઈ મેળ ન પડ્યો. કયારે દિવસ થતો હતો અને કયારે રાત તેની ખબર જ પડતી ન હતી. તે જાણવા માટે બેઠો થઈ પડદાનો એક છેડો ઊંચો કરતો ત્યારે બહારનું દ્દશ્ય નજરે પડતું. આજે તેણે જોયું તો સામેની બાલ્કનીમાં દીવા પ્રગટાવેલા હતા. તે વિચારવા લાગ્યો. હું કેટલા દિવસથી અહીં છું. દિવસ કે પછી મહિના વીતી ગયા. દિવાળી આવી ગઈ. સાલ્લું શું ચાલી રહ્યું છે એ જ કંઈ સમજાતું નથી.

તેને આજ ફરી જોરદાર તાવ આવ્યો હતો. છીંકો બંધ થઈ ગઈ હતી પણ શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. ડૉકટર અને નર્સો વચ્ચે થતી વાતથી તેને જાણવા મળ્યું કે કોરોના વાઈરસનો તેનો ત્રીજો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. હવે તે ગભરાયો. તેને પોતાનું ઘર, માતા, પિતા, નાની બહેન બધાં યાદ આવવા લાગ્યા. સારવાર થતાં તેને જરા સારું લાગ્યું. ડૉકટરે પણ કહ્યું કે તેનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. તે ખુશ થયો. હોસ્પિટલેથી બહાર નીકળતાં શબવાહિનીમાં મૃતદેહ લઈ જવાતો તેણે જોયો.

'કોણ છે ? કોણ મરી ગયું.' તેણે પૂછ્યું.

'લાશના કોઈ નામ નથી હોતા.' પાસે ઉભેલ એક જણ બોલ્યો. સામે લગાવેલ ટીવી સ્ક્રીનમાં દુનિયામાં ફેલાયેલા કોરોના વાઈરસના હાહાકારના સમાચાર પ્રસાર થઈ રહ્યા હતા. તે બોલ્યો, 'હાશ, હું બચી ગયો.' અને તે મુઠ્ઠીઓ વળી ઘર તરફ ભાગ્યો. તે કોણ હતો તમે તો નહીં ને ?